૬૦૨/૩,૨૭૫

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રવીણ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ - આઠમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આ ગાય છે તે પૃથ્વીનું સ્વરૂપ કહેવાય !'' (૬૬)

૨. ''ડોશીમા જીવે ત્યાં સુધી તેમની સેવા કરો.'' (૮૫)

૩. ''તમારી આજ્ઞા લોપી વિમુખ થવા તૈયાર છું.'' (૬)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં)** [૯]

૧. અલૈયા ખાચરે જેટલાને સત્સંગ કરાવ્યો હતો તેટલાને પાછા પાડ્યા. (૧૯-૨૦)

૨. સુરા ખાચરનો પટારો મૂકીને ચોરો ભાગી ગયા. (૭૪)

૩. મહિમાએ યુક્ત ભક્તિ કરે તે જ ભક્તિ નિર્વિઘ્ન રહે છે. (૯૦)

૪. બંગાળના મહંતને લોજ આશ્રમે આવતાં અંતરમાં શાંતિ થઈ ગઈ. (૬૧)

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. સંપ્રદાયનાં શાસ્ત્રો : સત્સંગિજીવન અને શ્રીહરિલીલાકલ્પતરુ (૩૬-૩૮) **અથવા** ૨. કલ્યાણ (૯૦-૯૧)

૩. મૂળજી અને કૃષ્ણજી (૮૬-૮૮) **અથવા** ૪. ભક્તરાજ મગનભાઈ (૯૪-૯૭)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. પોતાના આત્માને કઈ રીતે પર માનીને પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ ? (૪૧)

૨. ફઈબાની વહુએ શ્રીજીમહારાજને શું વચન આપ્યું ? (૧૭)

૩. નૈષ્ઠિક બ્રહ્મચારી કોને કહેવાય ? (૫)

૪. શ્રીજીમહારાજે બંને બ્રાહ્મણોને દીક્ષા આપી તેમાં એકનું નામ શું પાડ્યું ? (૫૩)

૫. નિત્ય તીર્થ કોને કહેવાય ? (૨૨)

૬. વચનામૃત કા. ૬માં શ્રીજીમહારાજે સોમલા ખાચર માટે શું કહ્યું છે ? (૨૯)

**પ્ર.૫** ''ભગવાન જીવના ગુના....'' (૮૨-૮૩) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** [૫]

**વિષય :- રાજાભાઈ (૫૯-૬૦)**

**૧.** રાજાભાઈ ખોરાસા ગામના હતા. **૨.** પર્વતભાઈના યોગથી શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત થયા. **૩.** બધો વહેવાર કરવા છતાં અંબરીષ રાજાની પેઠે જગતથી અનાસક્ત. **૪.** પોતાના ઘેરથી પહેલું સીધું લાવી સંતને જમાડવા એવો નિયમ હતો. **૫.** તેમનાં બહેનને શ્રદ્ધા ઓછી હતી. **૬.** શેઠ બોલ્યા, ''એ તો જેમ ઠીક પડ્યું તેમ કર્યું, તમારું ને અમારું ક્યાં નોખું છે.'' **૭.** રાજાભાઈએ પત્નીને કહ્યું, ''સાધુઓને માટે સીધું ન આપ્યું તે તમે સારું કર્યું.'' **૮.** રૂપિયા સાડા ચાર હજાર ભેગા કર્યા. **૯.** રાજાભાઈએ પર્વતભાઈનું હળ હાક્યું. **૧૦.** શ્રીજીમહારાજે તેમને દીક્ષા આપી 'યોગાનંદ સ્વામી' નામ પાડ્યું.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો.** [૮]

૧. કામ ક્રોધ ને લોભ ...... લેજ્યો હરિ તેહ. (૭૭)

૨. જયસિ ધર્માત્મજ ...... શીશ નામી. (૯)

૩. વહાલા તારા જુગલ ચરણ ...... મન દીન છે રે લોલ. (૬૫)

૪. ધ્યાન ધર ધ્યાન ધર ...... ભક્તનાં મન લોભે. (૧૬)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૬]

૧. जनमंगलस्तोत्रम् : ॐ श्री अतिधैर्यवते नमः ....... ॐ श्री क्षमानिधये नमः । (૪૭)

૨. आसामहो ....... श्रुतिभिर्विमृग्याम् ॥ (૯૨)

૩. साध्वीचकोर ....... शरणं प्रपद्ये ॥ (૨૬) - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો.

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવીણ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

## વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી - નવમી આવૃત્તિ, ઓગસ્ટ - ૨૦૧૦

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમારે ક્યાં પરોક્ષ છે ? જુઓ તો આ સંત દ્વારે પ્રત્યક્ષ છે.'' (૮૦)

૨. ''ગોપાળાનંદ સ્વામીએ આ ગામ છોડવાની મને ના પાડી હતી.'' (૬૧)

૩. ''બહુ જ પ્રતાપી થશે અનેકનું કલ્યાણ કરશે.'' (૨)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં)** [૯]

૧. સ્વામીએ રઘુવીરજી મહારાજને તીર્થવાસી થઈ જૂનાગઢ આવવા કહ્યું. (૫૭)

૨. વેદાંતીઓ ગભરાઈ ગયા. (૩૪)

૩. શ્રીજીમહારાજે મૂળજી ભક્તના સાંખ્યજ્ઞાનની પ્રશંસા કરી. (૧૫)

૪. સ્વામી ચાંદીના થાળમાં ન જમતા લાકડાના પત્તરમાં જ જમ્યા. (૭૮-૭૯)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. પ્રાગજી ભક્ત (૭૩-૭૫) ૨. જૂનાગઢ મંદિરની મહંતાઈ આપી (૪૧-૪૨) ૩. ગુણાતીત વાતુ (૪૯-૫૧)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. જૂનાગઢના નવાબની વિનંતી સાંભળી શ્રીજીમહારાજે તેમને શું કહ્યું ? (૪૪)

૨. ભરવાડ શું બોલીને માળા ફેરવતો ? (૫૩)

૩. બાવાની વાત સાંભળી મૂળજીએ શું કહ્યું ? (૭)

૪. શ્રીજીમહારાજ પુરાણીને ભેટ્યા તેથી બ્રહ્માનંદ સ્વામીએ શું કહ્યું ? (૩૫)

૫. શ્રીજીમહારાજ કઈ કડી આવતાં રાસ રમતા અટકી ગયા ? (૧૯)

૬. સ્વામીએ પોતાના સંબંધે શું સુલભ બનાવ્યું હતું ? (૬૫)

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** [૪]

૧. આજ્ઞાધારક (૨૩-૨૪) ૨. ક્ષમાશીલ (૨૮-૨૯) ૩. નિશ્ચય કરાવ્યો (૬૮)

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ તરીકે કોણે કોણે ઓળખાવ્યા ? (૪૯, ૭૬)

(૧) ☐ ગોપાળાનંદ સ્વામી (૨) ☐ પ્રાગજી ભક્ત
(૩) ☐ સ્વરૂપાનંદ સ્વામી (૪) ☐ નરનારાયણાનંદ સ્વામી

૨. વરતાલની સભામાં ગુણાતીતાનંદ સ્વામીના પક્ષમાં કોણ બોલ્યું ? (૭૭)

(૧) ☐ શુકમુનિ (૨) ☐ પવિત્રાનંદ સ્વામી
(૩) ☐ સીંજીવાડાના પ્રભુદાસ (૪) ☐ ભગતજી મહારાજ

૩. ગુણાતીતાનંદ સ્વામી સંતોને કયા ચાર હરિભક્તોનો સમાગમ કરવાનું કહેતા ? (૬૪)

(૧) ☐ હામાપરના રયો દેસાઈ (૨) ☐ ચાડિયાના રામ ભંડેરી
(૩) ☐ કમીગઢના કરસન બાંભણિયો (૪) ☐ બગસરાના વેલો સથવારો

૪. ગુણાતીતાનંદ સ્વામીએ કયાં કયાં ગામોમાં સંતોની સેવા કરી ? (૨૭, ૩૭)

(૧) ☐ વરતાલ (૨) ☐ બુરાનપુર
(૩) ☐ કારિયાણી (૪) ☐ અમદાવાદ

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**